જંબુસર-આણંદ રૂટ પર અપૂરતી બસ સેવાને લઈને વિદ્યાર્થીઓનો વિરોધ

મહુવડ ચોકડી ખાતે વિદ્યાર્થીઓનું બસ રોકો આંદોલન, વધારાની બસની માંગ

(પ્રતિનિધિ) પાદરા, તા.25

પાદરા તાલુકાના મહુવડ ચોકડી ખાતે બસની અપૂરતી સુવિધા અને રોજિંદી મુસાફરી દરમિયાન પડતી મુશ્કેલીઓને લઈને વિદ્યાર્થીઓએ બસ રોકો આંદોલન કરી વિરોધ નોંધાવ્યો હતો. વિદ્યાર્થીઓએ રસ્તા પર એસ.ટી. બસો રોકી વધારાની બસ શરૂ કરવાની માંગ સાથે એસ.ટી. તંત્ર સામે ઉગ્ર રજૂઆત કરી હતી. વિદ્યાર્થીઓના આંદોલનને પગલે મહુવડ ચોકડી ખાતે લોકોની ભીડ પણ એકત્ર થઈ હતી.

વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ જંબુસર-આણંદ રોડ પર રોજિંદી મુસાફરી માટે પૂરતી એસ.ટી. બસ સેવા ઉપલબ્ધ નથી, જેના કારણે વિદ્યાર્થીઓ સહિત અન્ય મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને એક જ બસમાં આશરે 140 જેટલા મુસાફરો સવાર થતા હોવાથી બસમાં ભારે ભીડ જોવા મળે છે. પરિણામે વિદ્યાર્થીઓને બસમાં ચઢવા માટે પણ મુશ્કેલી પડે છે અને સમયસર શાળા-કોલેજ પહોંચવામાં વિલંબ થવાની સ્થિતિ સર્જાય છે.

વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે બસની અપૂરતી વ્યવસ્થાને કારણે લાંબા સમયથી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક વખત રજૂઆતો કરવા છતાં સમસ્યાનો કાયમી ઉકેલ ન

આવતા વિદ્યાર્થીઓએ આખરે રસ્તા પર ઉતરી બસ રોકો આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો.

આંદોલન દરમિયાન વિદ્યાર્થીઓએ જંબુસર એસ.ટી. ડેપો મેનેજરનો ઉઘડો લઈ બસ સેવા અંગે ઉગ્ર રજૂઆત કરી હતી. વિદ્યાર્થીઓએ એસ.ટી. તંત્રને રજૂઆત કરી હતી કે રૂટ પર મુસાફરો અને વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં લઈને તાત્કાલિક વધુ એક બસ ફાળવવામાં આવે, જેથી રોજિંદી મુસાફરી સરળ અને સુરક્ષિત બની શકે.

વિદ્યાર્થીઓએ સ્પષ્ટ ચીમકી આપી હતી કે જો બસની સમસ્યાનું તાત્કાલિક નિરાકરણ નહીં આવે તો તેઓ આ મુદ્દે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરશે અને જરૂર પડશે તો પોતાની માંગ પ્રધાનમંત્રી સુધી પહોંચાડશે.

મહુવડ ચોકડી ખાતે થયેલા બસ રોકો આંદોલનને પગલે થોડા સમય માટે માર્ગ પર વાહનવ્યવહારને પણ અસર જોવા મળી હતી. વિદ્યાર્થીઓની મુખ્ય માંગને ધ્યાનમાં રાખીને હવે એસ.ટી. વિભાગ દ્વારા જંબુસર-આણંદ રૂટ પર વધારાની બસ ફાળવવામાં આવે છે કે કેમ, તેના પર સૌની નજર છે.

વિદ્યાર્થીઓની મુખ્ય માંગ :- જંબુસર-આણંદ રોડ પર મુસાફરો અને વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં રાખીને તાત્કાલિક વધુ એક એસ.ટી. બસ શરૂ કરવામાં આવે, જેથી વિદ્યાર્થીઓને રોજિંદી મુસાફરીમાં પડતી હાલાકીમાંથી રાહત મળી શકે.

લાલ નિશાન લાગેલા તમામ દબાણો આગામી દિવસોમાં દૂર કરવામાં આવશે

કવાંટ નગરમાં સીટી સર્વેની મોટી કામગીરી, નકશા મુજબ દબાણો પર લાલ નિશાન

છેલ્લા 4-5 દિવસથી ડિમોલિશનની પ્રક્રિયા તેજ, વેપારીઓ અને રહીશોમાં ફફડાટ

(પ્રતિનિધિ) કવાંટ, તા.25

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ નગરમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી ચાલી રહેલી દબાણ હટાવો ઝુંબેશ બાદ હવે તંત્રએ સીટી સર્વેની કામગીરી હાથ ધરી છે.

ડિમોલિશનની કાર્યવાહી બાદ હવે કોઈ પણ વિવાદ ન રહે તે માટે સીટી સર્વે વિભાગ દ્વારા મૂળ નકશા મુજબ માપણી હાથ ધરવામાં આવી છે. સર્વે

ટીમ દ્વારા સ્થળ પર જઈને સીટી સર્વેના નકશા મુજબ જ્યાં જ્યાં દબાણ જણાયું છે ત્યાં લાલ લીટો (લાલ નિશાન) મારવાની કામગીરી કરવામાં આવી રહી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, સીટી સર્વેના રેકોર્ડ મુજબ જે બાંધકામો નકશા બહાર છે, જે ઓટલા, દુકાનોના શેડ અને પાકા બાંધકામો દબાણમાં આવે છે તે તમામને ચિહ્નો કરવામાં આવી રહ્યા છે. તંત્રનો સ્પષ્ટ સંકેત છે કે લાલ નિશાન લાગેલા તમામ દબાણો આગામી દિવસોમાં દૂર કરવામાં આવશે.

આ કામગીરી દરમિયાન સીટી સર્વેના અધિકારીઓ, મહેસૂલ વિભાગ અને પોલીસનો ચુસ્ત બંદોબસ્ત જોવા મળ્યો હતો.

ડભોઈ કોલેજમાં રાખડી બનાવવાની સ્પર્ધા યોજાઈ

11 તાલીમાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 25

વડોદરા જિલ્લા કેળવણી મંડળ સંચાલિત શેઠ એમ. એન.સી. કોલેજ ઓફ એજ્યુકેશન,ડભોઈ ખાતે યુનિયન વિભાગ દ્વારા તા. ૨૫/૦૮/૨૦૨૬ના રોજ રાખડી બનાવવાની સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનું આયોજન યુનિયન ઈન્ચાર્જ ડૉ.એચ.એમ.બારોટ તથા ડૉ.અર્પિતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ.જયેશકુમાર ડી. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં કોલેજના ૧૧ તાલીમાર્થીઓ એ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલીમાર્થીઓએ વિવિધ સર્જનાત્મકતા અને કલાત્મક કૌશલ્યનો ઉપયોગ કરીને

સુંદર અને આકર્ષક રાખડીઓ સ્વ હસ્તે બનાવી હતી.સમગ્ર કાર્યક્રમ નું સુંદર સંચાલન ડૉ. અર્પિતાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કોલેજના અધ્યાપકશ્રી ડૉ. સી. એસ. સંગાડા અને ડૉ. વૈશાલીબેન પટેલ એ કામગીરી બજાવી હતી.નિર્ણાયકો દ્વારા રાખડીની સર્જનાત્મકતા, કલાત્મકતા, નવીનતા, સૌંદર્ય તથા રજૂઆતના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાના વિજેતા થયેલ તાલીમાર્થીઓમાં પ્રથમ ક્રમે સીમરન ઘાંચી,દ્વિતીય ક્રમે અંજના બારિયા અને વિધિ રાજ તથા તૃતીય ક્રમે તન્વી પટેલ વિજેતા રહ્યા હતા.

લઠ્ઠાકાંડ બાદ ડભોઈ કોંગ્રેસ આક્રમક, દારૂના વેચાણ સામે રેલી અને જનતા રેડની ચીમકી

ડભોઈમાં દારૂ-જુગારના દૂષણ સામે કોંગ્રેસના ધરણાં

ટાવર ચોકમાં પોસ્ટરો સાથે વિરોધ, ગૃહમંત્રીના રાજીનામાની કોંગ્રેસે કરી માંગ

(પ્રતિનિધિ) ડભોઈ, તા.25

ડભોઈ શહેર તાલુકા કોંગ્રેસ સમિતિ ધ્વારા નગર ના હાર્દ સમા ટાવર ચોક માં મહાત્મા ગાંધીજી ની પ્રતિમા પાસે ભાવનગર ની લઠ્ઠાકાંડ ની ઘટના ને લઈ દારૂ જુગાર બંધ કરાવવા ગૃહમંત્રી હર્ષ સંઘવી ને સંબોધન કરતા પોસ્ટર સાથે ધરણા કર્યા હતા.

" ભાજપ જ કરે છે દારૂ નો વેપાર,ભાજપ જ છે દારૂ ના ભાગીદાર " " પોલીસ સ્ટેશન થી ગૃહ મંત્રી અને મુખ્યમંત્રી કાર્યાલય સુધી હપ્તા પહોંચે છે ", " હપ્તાખોર સરકાર ના ગૃહ મંત્રી હર્ષ સંઘવી રાજીનામું આપે..." આ રીતે ના લખાણ સાથે ના પોષ્ટરો કોંગ્રેસ ની મહિલા હોદ્દેદારો એ હાથ માં લઈ ધરણા સથળે વિરોધ પ્રદર્શન સાથે દેખાવો કર્યા હતા.વૈષ્ણવ નગરી અને ગુજરાતી ગરબીઓ

ના રચયિતા અને દેશ દુનિયામાં નામના મેળવનાર મધ્યકાલીન યુગ ના શિરોમણી કવિ શ્રી દયારામ ની કર્મભૂમિ ડભોઇ નું નામ દારૂ,જુગાર ના દૂષણ થી જાણીતું થવા પામતા કોંગ્રેસે વિરોધ નું રણશિંગુ ફૂંક્યું પડ્યું હતું.ધરણા બાદ પણ જો દારૂ નું દૂષણ બંધ નહીં થાય તો રેલી આવેદન પત્ર અને જરૂર જણાય તો દારૂ ના વેચાણ સ્થળે જનતા રેડ ની તૈયારી પણ હોવાનું જાણવા મળેલ છે.ધરણા કરવા પાછળ નો હેતુ લોક પ્રશ્નો ને વાંચા આપવાનો અને વિધાનસભા ચૂંટણી સુધી માં કોંગ્રેસ તરફી વાતાવરણ બનાવવાનો હોવાનું જાણવા મળી રહ્યું છે. તો બીજીબાજુ ભાજપ ના સંગઠને વર્ષો થી મહેનત કરી ઘેરઘેર ભાજપ ની સંસ્કારિતા અને વિચાર ને લોકો ના મગજ માં ઉતારી ભાજપ ને સત્તા અપાવી છે.

વડોદરા જિલ્લામાં ડભોઈ, વાઘોડિયા અને વરણામા પંથકમાં દારૂ, જુગારનું વ્યાપક દૂષણ

ડભોઈ શહેર તાલુકા માં ઠેરઠેર દેશી,વિદેશી દારૂ અને જુગારધામ પોલીસ ની ઈચ્છા સાથે ચાલી રહ્યા છે. બીજીબાજુ ડભોઇ ની બાજુમાં આવેલા તાલુકા વાઘોડિયા અને વરણામા વિસ્તારો મા પણ દારૂ જુગાર નીજ બદી ની બૂમો ઉઠવા પામી છે.ત્યારે ભારત માલા અને નેશનલ હાઈવે પરથી વિદેશીદારૂ ની ગાડીઓ પકડતી એલ.સી.બી.ની ટીમ વન ટુ વન છાપા માટે તો હેડ ક્વાર્ટર ભરાય જાય તેટલો દારૂ તો જિલ્લા માંથી જ મળી આવે તેમ છે.

ઈદે મિલાદને લઈ ડભોઈ પોલીસની ફૂટ માર્ચ

(પ્રતિનિધિ) ડભોઇ, તા. 25

ડભોઇ પંથકમાં આવતીકાલે ૨૬-૦૮-૨૬ ને બુધવારે ઈદે મિલાદના તહેવારની ઉજવણીને લઈને પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. ડભોઇ ડીવાયએસપી આકાશ પટેલના માર્ગદર્શન હેઠળ ડભોઇ પોલીસ મથકના પી.આઈ. એ.ટી. પટેલ તથા પોલીસ સ્ટાફ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ફૂટ માર્ચ યોજવામાં આવી હતી.

ઈદે મિલાદનો તહેવાર શાંતિપૂર્ણ અને ભાઈચારાના વાતાવરણમાં સંપન્ન થાય તે હેતુથી પોલીસ દ્વારા વિવિધ વિસ્તારોમાં પેટ્રોલિંગ અને સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પોલીસ ફૂટ માર્ચ દરમિયાન નાગરિકોને શાંતિ જાળવવા તેમજ તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સહકાર આપવા અપીલ કરવામાં આવી હતી.

ડભોઇ પંથકમાં કોમી એકતા, ભાઈચારો અને શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા પૂરતી તૈયારીઓ કરી દેવામાં આવી છે.

વાંકાનેરમાં નાણાપંચની ગ્રાન્ટના ઉપયોગ સામે ફરિયાદ

ગ્રાન્ટ ફાળવણી છતાં પેવર બ્લોકનું કામ નહીં, વાંકાનેર પંચાયત સામે સવાલો

(પ્રતિનિધિ) સાવલી, તા.25

સાવલી તાલુકાના વાંકાનેર ગામે પેવર બ્લોકની કામગીરી માટે ડિસેમ્બર માસમાં ઠરાવ કરીને નાણાપંચની ગ્રાન્ટ હળવાઇ ગઈ હોવા છતાંય કામગીરી ન કરતા ગામના જાગૃત નાગરિક દ્વારા ભ્રષ્ટાચારના આક્ષેપ પંચાયત પર કરવામાં આવ્યા છે.

સાવલીના વાંકાનેર ગામે જાગૃત નાગરિક સલીમ દિવાને સરપંચ વિરુદ્ધ ગંભીર આક્ષેપ લગાવીને સનસનાટી ફેલાવી દીધી છે અને કાદવ કીચડમાં અવરજવર કરતી અને ગંદકીના અને કીચડ વાળા રસ્તા નો વિડીયો વાયરલ કર્યો છે અને કાયદેસર કાર્યવાહી કરવાની માંગ

કરી છે તેમણે કરેલ આક્ષેપ મુજબ પેવર બ્લોક માટે ડિસેમ્બર માસમાં ઠરાવ કરી રૂ.૨ લાખ જેટલી ગ્રાન્ટ ફાળવાઈ હોવાનો દાવો કરવામાં આવ્યો છે અને ગ્રાન્ટ ની ફાળવણી બાદ ૭ મહિના સુધી કામ શરૂ ન થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને તેના પગલે ગ્રામજનોને કાદવ ઉલેચવાનો વારો આવ્યો છે અને સરકારી નાણાં નો દુરુપયોગ થયો હોવાના સ્થાનિક દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે અને એના રાણા અબ્બાસ ભાઈ ના ઘર પાછળ ના પેવર બ્લોક માટે ના કામ માટે સર્વાનુમતે ઠરાવ કરીને 15માં નાણાં પંચની રકમ ની ફાળવણી આશરે 7 માસ અગાઉ કરવામાં આવી છે પરંતુ હાલ પણ રસ્તાની હાલત બિસ્માર છે અને ગ્રામજનો કાદવ-કીચડમાંથી પસાર થવા મજબૂર બન્યા છે જાગૃત નાગરિક ના આક્ષેપ મુજબ પેવર બ્લોકનું કામ કાગળ પર છે કે હકીકત શું છે તે બાબતે તાલુકા વિકાસ અધિકારી ને તપાસ કરી ને યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે અને પંચાયતના ઠરાવની નકલ અને ગામના રસ્તાની કાદવ કીચડ વાળી હાલત વાળો વિડીયો વાયરલ કર્યો છે.

બોડેલીમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી

(પ્રતિનિધિ) બોડેલી, તા. 25

બોડેલીની નવજીવન સ્કૂલ દ્વારા સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. મહોત્સવ અંતર્ગત સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસાર તેમજ ભારતીય સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ લાવવાના હેતુથી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

નવજીવન સ્કૂલથી પ્રારંભ થયેલી રેલી અલીપુરા વિસ્તાર થઈ બોડેલીના મુખ્ય બજારમાંથી પસાર થઈ હતી અને અંતે ચિરોલાવાલા સ્કૂલ ખાતે તેનું સમાપન કરવામાં આવ્યું હતું. રેલીમાં નવજીવન સ્કૂલના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, સંસ્કૃત શિક્ષક સહિત શાળાના શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ સંદેશાઓ સાથે રેલીમાં ભાગ લઈ સંસ્કૃત ભાષાના મહત્વ અને તેના પ્રચાર-પ્રસારનો સંદેશો આપ્યો હતો.

પાદરામાં ગણપતિ બાપ્પાની ભવ્ય આગમન યાત્રા યોજાઈ

'ગણપતિ બાપ્પા મોરિયા'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું પાદરા, હજારો ભક્તો જોડાયા

(પ્રતિનિધિ) પાદરા, તા. 25

શ્રી સનાતન યુવા સંગઠન-પાદરા અને સનાતન હિન્દુ રાષ્ટ્ર સંગઠન-પાદરા દ્વારા આયોજિત સાર્વજનિક ગણેશ મહોત્સવ અંતર્ગત ગણપતિ બાપ્પાની ભવ્ય આગમન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. પાદરા શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં ભક્તજનો યાત્રામાં જોડાયા હતા.

ગણપતિ બાપ્પાની ભવ્ય મૂર્તિ સાથે નીકળેલી આગમન યાત્રામાં ભક્તોમાં ભારે ઉત્સાહ અને ભક્તિભાવ જોવા મળ્યો હતો. સમગ્ર યાત્રા દરમિયાન 'ગણપતિ બાપ્પા મોરિયા'ના જયઘોષથી પાદરાનું વાતાવરણ ગુંજી ઉઠ્યું

હતું. રસ્તાઓ પર મોટી સંખ્યામાં લોકો બાપ્પાના દર્શન માટે ઉમટી પડ્યા હતા.

યાત્રા દરમિયાન ભક્તોએ ઢોલ-નગારાના તાલે અને ભક્તિમય વાતાવરણ વચ્ચે ગણપતિ બાપ્પાનું સ્વાગત કર્યું હતું. આયોજક સંસ્થાઓ દ્વારા યાત્રાના સુચારુ આયોજન માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ યાત્રાની વ્યવસ્થા તથા ભક્તોની સુવિધા માટે સેવા આપી હતી.

આ પ્રસંગે પાદરા વિધાનસભાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગણપતિ બાપ્પાની આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા અને પાદરા વિધાનસભા વિસ્તારના તમામ નાગરિકોના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી. ભવ્ય આગમન યાત્રા સાથે પાદરામાં ગણેશ મહોત્સવની ભક્તિમય શરૂઆત થઈ હતી. આગામી દિવસોમાં વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમો સાથે ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવશે.

પાદરા બ્રહ્માકુમારી સેન્ટર ખાતે રક્તદાન શિબિર સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી

(પ્રતિનિધિ) પાદરા, તા. 25

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય, પાદરા સેન્ટર દ્વારા સેવાકીય અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ અંતર્ગત રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્ષાબંધન પર્વની ઉજવણી સાથે યોજાયેલી આ રક્તદાન શિબિરમાં સેવાભાવી નાગરિકોએ ઉત્સાહપૂર્વક જોડાઈ રક્તદાન કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ પાદરા નગરપાલિકાના પ્રમુખ દીપેશ પંચાલ, કારોબારી સમિતિના અધ્યક્ષ સંતોષ પટેલ તેમજ નગરપાલિકાના સદસ્યોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બ્રહ્માકુમારી સેન્ટરના બહેનો દ્વારા ઉપસ્થિત મહાનુભાવોને રક્ષા સૂત્ર બાંધી રક્ષાબંધન પર્વની ભાવપૂર્વક

ઉજવણી કરવામાં આવી હતી.

રક્ષાબંધનના પવિત્ર પર્વને માત્ર ભાઈ-બહેનના સ્નેહના તહેવાર પૂરતું સીમિત ન રાખી સમાજસેવા સાથે જોડવાના હેતુથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રક્તદાતાઓએ સ્વૈચ્છિક રીતે રક્તદાન કરી જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્ત ઉપલબ્ધ કરાવવામાં સહભાગી બન્યા હતા. બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય પાદરા સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન આધ્યાત્મિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

કવાંટમાં સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ભવ્ય ઉજવણી

(પ્રતિનિધિ) કવાંટ, તા. 25

કવાંટ નગર ખાતે આજરોજ તા. ૨૫ ઓગસ્ટના રોજ ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા આયોજિત સંસ્કૃત સપ્તાહ મહોત્સવ નિમિત્તે ભવ્ય સંસ્કૃત ગૌરવયાત્રા અને રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આજથી સમગ્ર ગુજરાતમાં ૨૫ થી ૩૧ ઓગસ્ટ દરમિયાન સંસ્કૃત સપ્તાહની ઉજવણી શરૂ થઈ છે. જેના ભાગરૂપે કવાંટ તાલુકાની દરેક પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાના સેંકડો બાળકોએ પરંપરાગત વેશભૂષામાં હાથમાં સંસ્કૃત સુભાષિતો, શ્લોકો અને "અમૃતમ સંસ્કૃતમ મિત્રમ" ના નારા લખેલા પ્લેકાર્ડ સાથે નગરના મુખ્ય માર્ગો પર રેલી કાઢી હતી. બાળકોએ સંસ્કૃત શ્લોકોચ્ચાર અને ગીતા પઠન કરી વાતાવરણને સંસ્કૃતમય બનાવ્યું હતું.

વસેડી ખાતે નિર્માણાધીન ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની કલેક્ટરે મુલાકાત લીધી

ઇન્ડોર-આઉટડોર સુવિધાઓના નિર્માણની પ્રગતિની કલેક્ટર ગાર્ગી જૈને કરી સમીક્ષા

(પ્રતિનિધિ) બોડેલી, તા. 25

છોટાઉદેપુર જિલ્લા કલેક્ટરશ્રી ગાર્ગી જૈન દ્વારા વસેડી ખાતે નિર્માણાધીન ડીસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની સ્થળ મુલાકાત - છોટાઉદેપુર જિલ્લાના રમતવીરોને આધુનિક રમતગમતની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી વસેડી ખાતે આકાર લઈ રહેલા નવનિર્મિત ડીસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની જિલ્લા કલેક્ટરશ્રી ગાર્ગી જૈન દ્વારા રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. આ સ્થળ મુલાકાત દરમિયાન તેમણે સ્પોર્ટ્સ

સંકુલની સમગ્ર કામગીરીની વિગતવાર સમીક્ષા કરી હતી. કલેક્ટરશ્રીએ નિર્માણાધીન ઈન્ડોર અને આઉટડોર સ્પોર્ટ્સ ફેસિલીટી, સિવિલ વર્ક, પ્લેઈંગ એરિયા તથા પાયાની માળખાકીય સુવિધાઓની પ્રગતિનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. તેમણે નિર્માણ કાર્ય કરી રહેલી એજન્સી અને સંબંધિત અધિકારીઓ સાથે સ્થળ પર ચર્ચા કરી કામગીરી ઝડપી બનાવવા સંબંધિત જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

પાદરામાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ સાથે સંસ્કૃત ગૌરવ યાત્રા યોજાઈ

(પ્રતિનિધિ) પાદરા, તા. 25

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગર તથા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે પાદરા ખાતે તાલુકા કક્ષાની સંસ્કૃત ગૌરવ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પાદરા શહેરની વિવિધ શાળાઓના 600થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિના જતનનો સંદેશ આપ્યો હતો. સંસ્કૃત ભાષા વૈદિક પરંપરા અને ભારતીય સંસ્કૃતિ સાથે ગાઢ રીતે જોડાયેલી છે. સંસ્કૃત ભાષાના જતન, સંવર્ધન અને નવી પેઢીમાં તેના પ્રત્યે જાગૃતિ કેળવવાના ઉદ્દેશ સાથે સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. આ જ હેતુને સાર્થક કરતી સંસ્કૃત ગૌરવ યાત્રા પાદરાના સંતરામ મંદિર ખાતેથી પ્રસ્થાન પામી હતી.

શિનોરમાં સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરાયુ

(પ્રતિનિધિ) શિનોર, તા. 25

શિનોર તાલુકાના અવાખલ ગામે આવેલ શ્રેયસ વિદ્યાલય ખાતે સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રેયસ વિદ્યાલય તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સંસ્કૃત ભાષા પ્રત્યેનો પ્રેમ અને ગૌરવ વ્યક્ત કર્યું હતું. ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ અને ગુજરાત શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા તા. 25થી 31 ઓગસ્ટ દરમિયાન *"સંસ્કૃત આપણો વારસો, સંસ્કૃત આપણું ગૌરવ"*ના સંદેશ સાથે સંસ્કૃત સપ્તાહ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત શિનોર તાલુકાના અવાખલ ગામે આવેલ શ્રેયસ વિદ્યાલય ખાતે સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગૌરવ યાત્રામાં શ્રેયસ વિદ્યાલય તેમજ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જાહેર નોટીસ આથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે મોજે. ખેરડા, તા. કરજણ જી.વડોદરાનાં ખાતા નં.૩૭૦ બ્લોક/સર્વે નં.૩૫૧, જેનું કુલ ક્ષેત્રફળ ૩-૩૫-૮૮ હે.આરે. ચો.મી. જેનો આકર રૂ.૧૧.૩૭ વાળી જમીનનાં માલીક (૧) પ્રતિકકુમાર છોટુભાઈ પટેલ નાઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની અને ચોખ્ખા ટાઈટલવાળી હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદર મિલકત બાબતે અમારા અસીલે અમારી પાસે ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદર બ્લોક વાળી મિલકતમાં કોઈનો કોઈ પણ લાગ, ભાગ, હક્ક, હિત, સબંધ, બોજો, અલાખો, ઈતર તથા કોઈનો કોઈપણ પ્રકારનાં હક્કો રહેલા હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન.૧૦ માં અમોને લેખીતમાં દસ્તાવેજી પુરાવાસહ અમારા નીચે જણાવેલ સરનામે જાણ કરવી. જો સદર મુદતમાં કોઈનો લેખીતમાં વાંધો કે તકરાર રજુ કરવામાં નહી આવે તો મુદત વીત્યે સુંદર બ્લોક અંગે ટાઈટલ ક્લિયર સર્ટીફીકેટ આપવામાં આવશે ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી તેની ખાસ નોંધ લેવી.

ઓફીસ/રહેઠાણ : એફ. આઈ. સિંધી (એડવોકેટ)
૧૫, શ્રી રંગ કોમ્પલેક્ષ, નવાબજાર-કરજણ, તા.કરજણ જી.વડોદરા
મોબાઈલ નં : ૯૮૯૮૧ ૦૧૦૪૨